આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **05-07-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---

## રાજ્ય સરકાર સાતમા પગાર પંચનો લાભમ

રાજ્ય સરકારે સાતમા પગાર પંચનો લાભ મેળવતા ગુજરાત સરકારના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થામાં ૪ ટકા વધારાનો લાભ ગત ૧ જાન્યુઆરી ૨૦૨૪થી આપવાની જાહેરાત કરી છે.

આ મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા અન્ય એમ કુલ ૪ લાખ ૭૧ હજાર કર્મયોગીઓ અને અંદાજે ૪ લાખ ૭૩ હજાર જેટલા નિવૃત્ત કર્મચારીઓ મળવાપાત્ર થશે.

મોંઘવારી ભથ્થાની ૬ માસની એટલે કે ૧ જાન્યુઆરી ૨૦૨૪ થી ૩૦ જૂન ૨૦૨૪ સુધીની તફાવતની રકમ ત્રણ હપ્તામાં પગાર સાથે ચૂકવવામાં આવશે. રાજ્ય સરકાર તફાવતની રકમ પેટે ૧ હજાર ૧૩૦ કરોડ રૂપિયાની કર્મચારીઓને ચુકવણી કરશે.

**RNU** અમદાવાદ

---

## સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા પુરસ્કાર

રાજ્ય સરકારે ભારતની એકતા અને અખંડિતતાને વધુ પ્રોત્સાહન આપવાના હેતુથી ‘સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા પુરસ્કાર - ૨૦૨૪’ આપવાનો નિર્ણય લીધો છે. આ પુરસ્કાર માટે પાત્રતા ધરાવતા હોય તેવા નાગરિકો, સંસ્થાઓ અને સંગઠનો  આગામી ૩૧મી જૂલાઈ, ૨૦૨૪ સુધીમાં awards.gov.in ઓનલાઈન પોર્ટલ પર અરજી કરી શકશે. પુરસ્કાર પ્રદાન કરવા માટેના નામાંકન ભલામણ માત્ર ઓનલાઈન પોર્ટલ પર ઉપલબ્ધ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ પુરસ્કાર સરદાર વલ્લભભાઈ પટેલની આગામી જન્મજયંતી ૩૧ ઓક્ટોબરના ‘રાષ્ટ્રીય એકતા દિવસે’ એનાયત કરવામાં આવશે, તેમ ગૃહ વિભાગ ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

**RNU અમદાવાદ**

-------------------------------------------------------------------

## NCRT- નવા પુસ્તકો અમલમાં

રાષ્ટ્રીય શિક્ષણ સંશોધાન અને તાલીમ પરિષદ - NCRT એ નવા સત્રથી ધોરણ ત્રણ અને ધોરણ છ માટે નવા તેમજ વધુ આકર્ષક પુસ્તકો અમલમાં મૂક્યા છે. શિક્ષણ મંત્રાલયે કહ્યું છે કે આ નવા

પુસ્તકોને અંતિમ ઓપ અપાઈ રહ્યો છે. ધોરણ ત્રણ અને છ માટેના 9 જેટલા પુસ્તકો અગાઉથી જ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. બાકીના 8 પુસ્તકો આગામી ટૂંક સમયમાં ઉપલબ્ધ બનશે.

મંત્રાલયે કહ્યું છે કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત બાળકો માટે વાજબી કિંમતે ઉચ્ચ ગુણવત્તાના એવા પુસ્તકો ઉપલબ્ધ કરાવવોનો હેતુ છે. ઉલ્લેખનીય છે કે NCRT શાળા શિક્ષણ માટેનાં રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા અંતર્ગત ધોરણ એકથી બાર સુધીના પુસ્તકોને નવેસરથી તૈયાર કરી રહ્યું છે.

**RNU અમદાવાદ**

---

## GST- વ્યાજ વસુલાતમાં રાહત

જીએસટી વિભાગે કાઉન્સિની મીટિંગમાં જીએસટી રીટર્ન મોડું ભરાયું હોય તેના પર 18 ટકા વ્યાજની વસૂલાત કરાતી હતી તેને બદલે મીટિંગમાં થયેલ ઠરાવ મુજબ હવેથી રિટર્ન મોડું ભરાયું હશે તો પણ વ્યાજ લાગશે નહીં. આ નિર્ણય વેપારીઓ માટે રાહતરૂપ રહેશે.

**N.P. આરતી ભટ્ટ**

---

## શિક્ષણ સમિતિની બેઠક

ભુજ સ્થિત જિલ્લા પંચાયતની કચેરીમાં 1લી જુલાઈના શિક્ષણ સમિતિની બેઠક મળી હતી, જેમાં 1 વર્ષ દરમિયાન 292 નવા વર્ગખંડો બન્યાની અને હજુ વધુ 88 વર્ગખંડોનું કામ પ્રગતિમાં હોવાનું જણાવાયું હતું અને બાળકોના વાચન, ગણન, લેખનમાં સુધારો લાવવા માટે મિશન મોડ સ્વરૂપે કામગીરી હાથ ધરવા સદસ્યોએ સૂચનો કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર દ્વારા શિક્ષક ભરતીની જાહેરાત કરવામાં આવી છે, ત્યારે કચ્છને પણ નવા શિક્ષકો મળતા ઘટ ઉકેલાય તેવી શક્યતા છે.

**N.P. આરતી ભટ્ટ**

---

## મળદપીરનો મેળો

ગાંધીધામમાં મણકાવાસમાં આવેલી મળદપીરની દરગાહ ખાતે હિંદુ-મુસ્લિમ સાથે મળીને મેળો મનાવવામાં આવે છે. તા. 6-7ના બપોરે 1 વાગ્યે નવી સુંદરપુરી પં. પ્રા. શાળાની બાજુમાં પ્રસાદનું આયોજન કરાયું છે, ત્યારબાદ બપોરે 3 વાગ્યે મળદપીરની દરગાહ ઉપર ચાદર ચઢાવવામાં આવશે.

**N.P. આરતી ભટ્ટ**

---

## તોલાણી કોલેજ-પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનો પ્રવેશ

ગુરૂવારે તોલાણી કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને મીઠું મોઢું કરાવી પ્રવેશ કરાવાયો હતો. 300 જેટલા વિનયન અને 100 વિજ્ઞાન શાખાના વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં હાજર રહી માર્ગદર્શન મેળવ્યું હતું. કોલેજ પ્રશાસન દ્વારા આ પ્રસંગે પ્રથમ વર્ષના છાત્રોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

**N.P. આરતી ભટ્ટ**

--------------------------------------------------------------------

## રાપર તાલુકા પંચાયત –સામાન્ય સભા

રાપર તાલુકા પંચાયત કચેરીના સભા ખંડમાં મળેલી સામાન્ય સભામાં રોડ, આરોગ્ય, શિક્ષણ, આંગણવાડી, પાણી અને સફાઈ સહિતના કામો મુદ્દે ચર્ચા કરાઇ હતી.

રાપર તાલુકા પંચાયતમાં કારોબારી સમિતિની સભા સાથે સામાજિક ન્યાય અને અધિકારિતા સમિતિની બેઠક પણ મળી હતી. તાલુકાના ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે રોડ, આરોગ્ય, શિક્ષણ, આંગણવાડી, પાણી અને સફાઈ સહિતના કામોમા પ્રગતિ લાવવા માટે જરૂરી કાર્યો માટેની દરખાસ્તને બહાલી અપાઇ હતી.

**RNU અમદાવાદ**

--------------------------------------------------------------------